**007) નીચેના પૈકી કઈ નદી તેના વહનમાં બે વખત વિષુવવૃત્ત ને પાર કરે છે? (PI 110/2019-20)**

(A) નાઈલ (B) કોંગો

(C) નાઈઝર (D) એમેઝોન

**008) નીચેના વિધાનોની મદદથી સાચો જવાબ ઓળખી બતાવો. (GAS 30/2021-22)**

1. એક વ્યક્તિ 1લી માર્ચ 2020 ના રોજ ભારતીય સ્ટાન્ડર્ડ સમય (IST) 8 PM વાગે ફ્લાઈટ દ્વારા અમદાવાદથી ન્યૂયોર્ક નીકળ્યો.
2. કુલ પ્રવાસનો સમય 24 કલાકનો છે. તો વ્યક્તિ ન્યૂયોર્ક _____ ના રોજ પહોચશે.

(A) 29 ફેબ્રુઆરી 2020ના રોજ 9:30 AM વાગે યુ.એસ.એ. સમય

(B) 2 માર્ચ 2020ના રોજ 8:00 PM વાગે IST

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી એકપણ નહીં

**009) ભારત એ 82 ડિગ્રી અને 30 મિનિટને પ્રમાણ રેખાંશ(સ્ટાન્ડર્ડ મેરિડિયન) તરીકે પસંદ કર્યો છે કારણ કે.......... (PI 110/2019-20)**

(A) તે 7 ડિગ્રી અને 30 મિનિટના ગુણાંકમાં છે.

(B) તે ભારતના રાજ્યક્ષેત્રના મધ્યમાંથી પસાર થાય છે. તેથી અન્ય નજીકના પ્રદેશોનો ચોક્કસ સમય દર્શાવે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

**010) ______ ઉપગ્રહો ધરાવતા નથી. (GAS 40/2019-20)**

1. બુધ અને શુક્ર 2. પૃથ્વી અને મંગળ
3. ગુરુ અને શનિ 4. યુરેનસ અને નેપ્ચ્યુન

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 2, 3 અને 4

**011) ગુજરાત (કચ્છ) અને અરુણાચલ પ્રદેશ વચ્ચે લગભગ $30^\circ$ રેખાંશોનો તફાવત હોવાને લીધે સ્થાનિક સમયમાં આશરે ...........કલાકનો તફાવત પડે છે. (STI 139/2020-21)**

(A) 2 (B) 3

(C) 4 (D) 5

1-A / 2-B / 3-D / 4-C / 5-C / 6-C / 7-B / 8-B / 9-C / 10-A / 11-A

| 02 | # ભારતની ભૂગોળ |
|---|---|

## મુખ્ય પ્રાકૃતિક વિભાગો પર્વતો, મેદાનો, ઉચ્ચપ્રદેશો

**001) ભારતના નીચેના પૈકી કયાં પર્વતો સ્તરભંગ ક્રિયાથી જ રચાયેલા છે? (DYSO 27/2020-21)**

1) નીલગિરિ

2) સાતપુડા

3) અરવલ્લી

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

**002) માળવાના ઉચ્ચપ્રદેશ બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે? (DYSO 27/2020-21)**

(A) આ ઉચ્ચપ્રદેશ ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓ તથા હિમાલય પર્વતની ઉતર પશ્ચિમમાં ત્રિભુજાકારે વ્યાપ્ત છે.

(B) ચંબલની ખીણ આ પ્રદેશોમાં આવેલી છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઇ નહીં

**003) સંરચનાત્મક દ્રષ્ટિએ _______ને ત્રણ વિભાગોમાં વિભાજીત કરી શકાય, - રાજપીપળાં-ટેકરીઓ, મહાદેવ ટેકરીઓ તથા અમરકંટક શિખર. (DYSO 27/2020-21)**

(A) વિંધ્ય શ્રેણી (B) સહ્યાદ્રિ શ્રેણી

(C) સાતપુડા શ્રેણી (D) અરવલ્લી શ્રેણી

**004) નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે? (GAS 30/2021-22)**

1. કાર્ડામોમ ટેકરીઓ - કોરોમંડલ તટ

2. કેમુર ટેકરીઓ - કોકણ તટ

3. મહાદેવ ટેકરીઓ - મધ્ય ભારત

4. મિકીર ટેકરીઓ - ઉત્તર પૂર્વ ભારત

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 3 અને 4

(D) 1, 2, 3 અને 4

**005) ઉત્તરથી દક્ષિણ તરફ નીચેના પેકી પર્વતમાળાઓનો કયો ક્રમ સાચો છે? (GAS 30/2021-22)**

(A) ડોડાબેટ્ટા, કેલાશ, વિધ્યાચલ, ધોલાગિરી

(B) ડોડાબેટ્ટા, વિધ્યાચલ, ધોલાગિરી, કેલાશ

(C) કૈલાશ, ધૌલાગિરી, વિધ્યાચલ, ડોડાબેટ્ટા

(D) વિંધ્યાચલ, ધોલાગિરી, કેલાશ, ડોડાબેટ્ટા

**006) સાતપુડા ગિરિમાળાનો ભાગ બનતા નીચેના પર્વતોનો પશ્ચિમથી પૂર્વ તરફ જતા ખરા ક્રમમાં ગોઠવો. (PI 110/2019-20)**

(A) રાજમહાલ, મહાદેવ, મૈકલ અને રાજપીપળા

(B) રાજપીપળા, મૈકલ, મહાદેવ અને રાજમહાલ

(C) રાજપીપળા, મહાદેવ, મૈકલ અને રાજમહાલ

(D) ઉપર પૈકી કોઇ પણ નહિં

**007) નીચેના પૈકી કયું/કયા વિધાન/વિધાનો ખડકો માટે સાચું/સાચાં છે? (PI 110/2019-20)**

1. અગ્નિકૃત ખડકોને પ્રાથમિક ખડકો પણ કહેવાય છે.

2. અગ્નિકૃત અને જળકૃત ખડકો અત્યંત ગરમી અને દબાણને કારણે વિકૃત ખડકોમાં પરિવર્તન પામે છે.

3. રેતાળ ખડકો એ વિકૃત ખડક છે.

(A) 1, 2 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 3

**008) નીચેના પૈકી કયા વિધાનો પશ્ચિમી કિનારાના મેદાનો માટે સાચાં છે? (PI 110/2019-20)**

1. આ મેદાનો કચ્છના રણથી કન્યાકુમારી સુધી વિસ્તરેલા છે.

2. તે ત્રણ પેટા ભાગમાં વિભાજિત થાય છે. કાઠિયાવાડ કિનારાના, કોંકણ કિનારાના તથા મલબાર કાંઠાના

3. કાઠિયાવાડ કિનારો કચ્છના રણથી દક્ષિણમાં દીવ સુધી વિસ્તરેલ છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2 અને 3

1-**A** / 2-**B** / 3-**C** / 4-**C** / 5-**C** / 6-**C** / 7-**C** / 8-**B**

# 03 ગુજરાતની ભૂગોળ

## મુખ્ય પ્રાકૃતિક વિભાગો પર્વતો, મેદાનો, ઉચ્ચપ્રદેશો

**001) નીચેના પૈકી કયું/ કયાં વિધાન/ વિધાનો સાચું/ સાચાં છે?**
**(STI 109/2019-20)**

(A) રાજપીપળાની ટેકરીઓ સાતપુડા હારમાળાની પશ્ચિમતમ ભાગ છે.

(B) આ નર્મદા નદીની દક્ષિણે આવેલ અને તે નર્મદા અને તાપીના નદી ક્ષેત્રો (Basins) વચ્ચેનો જળવિભાજક બનાવે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં.

**002) ભાવનગરના કિનારે નીચેના પૈકી કયો બેટ આવેલો નથી?**
**(Chief officer 75/2018-19)**

(A) પીરમ (B) સવાઈ

(C) માલબેન્ક (D) સુલતાનપુર

**003) ગર્દા ટેકરીઓ કયાં જીલ્લામાં આવેલી છે?**
**(Chief officer 75/2018-19)**

(A) ભાવનગર (B) અમરેલી

(C) કચ્છ (D) નર્મદા

**004) નીચેના પૈકી કયું ગુજરાતના દરિયાઈ મેદાનોનો ભૌગોલિક પેટા વિભાગ નથી? (Account Officer, 04/2021-22)**

(A) કચ્છનું રણ

(B) નર્મદા નદીના મુખત્રિકોણ મેદાન

(C) સૌરાષ્ટ્રના મેદાન

(D) ગુજરાતના કાંપના મેદાન

**005) કાઠીયાવાડ દ્વીપકલ્પ એ ...... કિનારાના મેદાનોનું દૃષ્ટાંત છે.**
**(Account Officer, 04/2021-22)**

(A) આવિર્ભાવ થયેલા (Emerged)

(B) નિમજ્જ થયેલા (Submerged)

(C) રીયા (Ria)

(D) ડાલ્મેશિયન (Dalmatian)

**006) તાપી અને નર્મદા નદીઓ વચ્ચે કઈ પર્વતમાળા આવેલી છે?**
**(DYSO 27/2016-17)**

(A) અમરકંટક (B) વિંધ્યાચલ

(C) સહ્યાદ્રિ (D) સાતપુડા

## કુદરતી અપવાહ અને નદીતંત્ર

**007) ગુજરાતની રૂપેણ નદી વિશે નીચેના પૈકી કયું/ કયા વિધાન /વિધાનો સાચું/ સાચાં છે? (DYSO 55/ 2018-19)**

i. રૂપેણ નદી તારંગાની ટેકરીઓમાંથી ઉદ્ભવે છે અને કચ્છના રણને મળે છે.

ii. આ નદીની લંબાઈ આશરે 1500 કિ.મી. છે.

iii. આ નદીની એકમાત્ર સહાયક નદી પુષ્પાવતી છે.

(A) ફક્ત i (B) ફક્ત ii, અને ii

(C) ફક્ત i, અને ii (D) i, ii અને iii

**008) પશ્ચિમી તરફ પ્રવાહ ધરાવતી નદીઓના લંબાઈના ઘટતા ક્રમને ધ્યાનમાં રાખીને નીચેના પૈકી કયો ક્રમ સાચા છે?**
**(DYSO 55/ 2018-19)**

(A) નર્મદા-તાપી-સાબરમતી મહી

(B) નર્મદા-તાપી-મહી-સાબરમતી

(C) તાપી-નર્મદા-મહી-સાબરમતી

(D) સાબરમતી-નર્મદા-તાપી-મહી

**009) ગુજરાતમાં કાઠીયાવાડ વિસ્તારમાં નીચેના પૈકી કયા પ્રકારના જળપરિવાહ (Drainage) જોવા મળે છે. (GAS 121/2016-17)**

(A) આયાતકાર (B) વૃક્ષાકાર

(C) જાળીઆકાર (D) ત્રિજ્યા

**010) પશ્ચિમ તરફ વહેતી નદીઓની લંબાઈના ચઢતા ક્રમમા નીચેના પૈકી કયું સાચું છે? (GAS 26/2020-21)**

(A) નર્મદા - તાપી - સાબરમતી - મહી

(B) તાપી - નર્મદા - મહી - સાબરમતી

(C) સાબરમતી - નર્મદા - તાપી - મહી

(D) સાબરમતી - મહી - તાપી - નર્મદા

1-**C** / 2-**B** / 3-**C** / 4-**B** / 5-**A** / 6-**D** / 7-**A** / 8-**A** / 9-**D** / 10-**D**

# ભાગ – 7
# વિજ્ઞાન અને ટેકનોલોજી

## વિજ્ઞાન, તેનું સ્વરૂપ તથા તેના કાર્યક્ષેત્રો

વિજ્ઞાનનો પરિચય, 1.2 ટેક્નોલોજીનો વિજ્ઞાન સાથે આંતર- સંબધ, વિજ્ઞાન અને ટેકનોલોજીના વિભિન્ન કાર્યક્ષેત્રો

## રોજિંદા જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી

રોજિંદા જીવનમાં તેની પ્રસ્તુતતા, રોજિંદા જીવનમાં તેની ઉપયોગિતા

## ભારતમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈનોવેશન

વિજ્ઞાન, ટેકનોલોજી અને ઇનોવેશન અંગેની ભારત સરકારની રાષ્ટ્રીય નીતિઓ, ભારતમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને ઇનોવેશનથી સંબધિત મહત્વપૂર્ણ સંસ્થાઓ, ભારતના પ્રસિધ્ધ વૈજ્ઞાનિકો સરકારની રાષ્ટ્રીય નીતિઓ, વિજ્ઞાન ક્ષેત્રે પ્રતિષ્ઠિત પુરસ્કારોનીતિઓ

## ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)

પરિચય, ICT નું સ્વરૂપ અને તેનાં કાર્યક્ષેત્રો, ICT અને ઉદ્યોગ, ICT તથા ગવર્નન્સ (ઈ-ગવર્નન્સ), ICT ક્ષેત્રની સરકારની નીતિઓ અને યોજનાઓ, સાઇબર સિક્યોરીટી, રાષ્ટ્રીય સાઇબર સુરક્ષા નીતિ. તથા તે સંબધિત મહત્વપૂર્ણ ભારતીય સંસ્થાઓ

## સંરક્ષણ ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજી

DRDO તથા ભારતની રક્ષા નીતિ, ભારતીય મિસાઇલ કાર્યક્રમ તથા ભારતની મુખ્ય મિસાઈલો, ભારતની રડાર પ્રણાલી, ભારતના યુધ્ધ વિમાનો, ડ્રોન્સ તથા હેલિકોપ્ટર, ભારતીય ભૂમિસેના માટે જરૂરી શસ્ત્રો તથા ટેન્કો, ભારતીય જળસેના માટે જરૂરી શસ્ત્રો, જહાજો અને સબમરીનો

## અવકાશ ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજી

ભારતીય અંતરિક્ષ કાર્યક્રમની ઉત્ક્રાંતિ અને વિકાસ તથા અવકાશ-વિજ્ઞાનનો પરિચય, ઈસરો (ISRO)-તેની પ્રવુતિઓ અને સિદ્ધીઓ, ભારતના વિવિધ સેટેલાઇટ કાર્યક્રમો તથા ભારતના મુખ્ય કુત્રિમ ઉપગ્રહો, અવકાશ કાર્યક્રમો માટેના વિવિધ પ્રક્ષેપણ યાનો (launch vehicles), પ્રક્ષેપણ ટેક્નોલોજી અને પ્રક્ષેપણ સ્થળો, અંતરિક્ષ ક્ષેત્રે ભારત સરકારના તથા વિશ્વના મહત્વપૂર્ણ કાર્યક્રમો

## ઉર્જા ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજી

ઉર્જાની જરૂરિયાત અને કાર્યક્ષમતા, ભારતની પ્રવર્તમાન ઉર્જા જરૂરિયાત અને ઘટ તથા તે સંબંધિત ભારતના ઉર્જા કાર્યક્રમો, ભારતના ઉર્જા સ્ત્રોતો તથા તેની આધારિતતા, પુનઃપ્રાપ્ય તથા પુનઃઅપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો, સૌર ઉર્જા, તે સંબધિત રાષ્ટ્રીય નીતિ તથા ISA (International Solar Alliance), પરમાણુ ઉર્જા, ભારતના પરમાણું રિએક્ટરો, ભારતની પરમાણું નીતિ તથા પરમાણું હથિયાર નીતિ, ભારતની ઉર્જા ક્ષેત્રે, પરમાણું ઉર્જા ક્ષેત્રે અને પરમાણું હથિયાર ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સંધિઓ તથા કરારો

## પર્યાવરણ વિજ્ઞાન

પર્યાવરણ સંબધિત રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ, પર્યાવરણ ક્ષેત્રે રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રીય નીતિઓ, કરારો સંધિઓ અને કાર્યક્રમો, બાયો -ડાયવર્સિટી અને તેનું મહત્વ, પર્યાવરણ વિજ્ઞાન ક્ષેત્રે કાર્ય કરતી મહત્વપૂર્ણ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, જળવાયુ પરિવર્તન અને આપત્તી વ્યવસ્થાપન તથા તે માટેનો નેશનલ એક્શન પ્લાન

## બાયો-ટેકનોલોજી અને નેનો-ટેકનોલોજી ક્ષેત્રે ભારત

બાયો-ટેકનોલોજીનું સ્વરૂપ, તેનું કાર્યક્ષેત્ર અને ઉપયોગિતા, જેનેટિક એન્જીનિયરીંગ, તેને સંબધિત મુદ્દાઓ તથા તેની સ્વાસ્થ્ય અને પર્યાવરણ ક્ષેત્રે અસર, નેનો ટેક્નોલોજી તથા તે ક્ષેત્રે ભારતની નીતિઓ અને કાર્યક્રમો

## સ્વાસ્થ્ય ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજી

સ્વાસ્થ્ય ક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલોજી, સ્વાસ્થ્ય ક્ષેત્રે થતાં રોગો, તેનું કારણ અને નિવારણ, ભારતની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ તથા મુખ્ય સ્વાસ્થ્ય કાર્યક્રમો, મિશનો અભિયાનો અને યોજનાઓ, સ્વાસ્થ્ય ક્ષેત્રની મહત્વપૂર્ણ અદ્યતન ટેક્નોલોજીઓ

## કુત્રિમ બુદ્ધિમતા (AI) અને રોબોટિક્સ

પરિચય, ભારતમાં કુત્રિમ બુદ્ધિમતા અને રોબોટિક્સના વિકાસની સંભાવનાઓ

## અન્ય

અન્ય, સમુદ્ર-વિજ્ઞાન તે ક્ષેત્રની મહત્વપૂર્ણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) તથા તે ક્ષેત્રે ભારત સરકારની રાષ્ટ્રીય નીતિ

# 01 વિજ્ઞાન, તેનું સ્વરૂપ તથા તેના કાર્યક્ષેત્રો

## વિજ્ઞાનનો પરિચય

**001) NIHONIUM, MOSCOVIUM, TENNESSINE અને OGANESSON-------- છે. (GAS 121/2016-17)**

(A) સૂર્યની પ્રદક્ષિણા કરતા નવા ગ્રહો
(B) નવી વનસ્પતિ પ્રજાતઓ
(C) ભૂસ્તરશાસ્ત્રીય બનાવો
(D) આવર્તકોષ્ટકમાં નવા તત્ત્વો

**002) પૃથ્વી અને પર્યાવરણ (ખાસ કરીને સજીવ નિર્જિવ દ્રવ્ય) વચ્ચે તત્ત્વોનું પરિભ્રમણ કરતા કુદરતી ચક્રને ------ કહે છે. (GAS 121/2016-17)**

(A) ભૂજૈવરાસાયણિક ચક્ર (B) રાસાયણિક ચક્ર
(C) જૈવિક ચક્ર (D) બાયો ઓર્ગોનિક ચક્ર

**003) "Googol" શું છે? (GAS 121/2016-17)**

(A) સર્ચ એન્જિન (B) એક જાતનો ગુંદર
(C) દશની સો ઘાત (D) વિદેશી ઉષ્ણકટીબંધીય છોડ

**004) ઉષ્ણતામાનને નીચેની કઈ સંજ્ઞામાં તારવીને વ્યક્ત કરી શકાય? (PI 110/2019-20)**

(A) દળ અને લંબાઇ (B) દળ અને સમય
(C) દળ, લંબાઇ અને સમય (D) ઉપર પૈકીનું એક પણ નહીં

**005) સજીવતંત્રમાં પ્રકાશ સંશ્લેષણ દરમિયાન સેન્દ્રીય પદાર્થનો ઉત્પાદન દર ..... કહેવાય છે. (PI 110/2019-20)**

(A) કુલ પ્રાથમિક ઉત્પાદકતા
(B) ચોખ્ખી પ્રાથમિક ઉત્પાદકતા
(C) કુલ ગૌણ ઉત્પાદકતા
(D) ચૌખ્ખી ગૌણ ઉત્પાદકતા

**006) નીચેના પૈકી કઇ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ? (STI 139/2020-21)**

1. ઉભયજીવીઓ- ઘણા બધા ઈંડા મૂકે છે.
2. સરિસૃપો- ચામડી સૂકી હોય છે અને ભીંગડા ધરાવે છે.
3. પ્રોટોઝોઆ - શ્વાસ લઈ શકતા નથી અને પ્રજનન કરી શકતા નથી.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

**007) આકાશમાં તારો વાતાવરણ દ્વારા પ્રકાશના ..............કારણે ઝબુકતો દેખાય છે. (STI 139/2020-21)**

(A) પ્રકીર્ણન (scattering) (B) પરાવર્તન (reflection)
(C) અપરાવર્તન (refraction) (D) વિક્ષેપ (diffraction)

**008) માણેક (Rubies) અને નીલમ(Sapphires)............. ના રસાયણિક નામે ઓળખાય છે, (STI 139/2020-21)**

(A) એલ્યુમિનિયમ ઓકસાઈડ
(B) સિલિકોન ઓકસાઈડ
(C) બોરોન ઓકસાઈડ
(D) કાર્બન ઓકસાઈડ

**009) નીચેના પૈકી કઇ જોડી સાચી નથી? (STI 80/2018-19)**

(A) આમલી - મિથેનોઇક એસિડ (Methanic Acid)
(B) સરકો - એસિટિક એસિડ (Acetic Acid)
(C) ટામેટા - ઓકસેલિક એસિડ (Oxalic Acid)
(D) નારંગી - સાઇટ્રિક એસિડ (Citric Acid)

**010) માનવ કાન માટે શ્રાવ્ય આવર્તનો (audible Frequencies) ................ છે. (STI 80/2018-19)**

(A) 20 થી 20,000 Hz (B) 200 થી 20,000 Hz
(C) 100 થી 20,000 Hz (D) 1000 થી 20,000 Hz

**011) પાણીની કાયમી કઠિનતા____________ ની પ્રક્રિયાને કારણે હોય છે. (STI 109/2019-20)**

(A) સોડિયમ અને પોટેશયમના સલ્ફેટ
(B) મેગ્નેશિયમ અને કેલ્શિયમના સલ્ફેટ
(C) સોડિયમ અને મેગ્નેશિયમના કાર્બોનેટ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.

**012) પ્રાણી પેશીઓ બાબતે નીચેના પૈકી ક્યાં વિધાનો સાચા છે? (STI 109/2019-20)**

1. રક્ત એક જાતની સંયોજક પેશી છે.
2. અસ્તિ એક જાતની સંયોજક પેશી છે.
3. અસ્થિબંધન અસ્થિઓને એકબીજા સાથે જોડે છે.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3

1-**D** / 2-**A** / 3-**C** / 4-**D** / 5-**A** / 6-**D** / 7-**C** / 8-**A** / 9-**A** / 10-**A** / 11-**B** / 12-**D**

# 04 ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)

## પરિચય

**001) કમ્પ્યુટરમાં "કુકીઝ"(Cookies) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે? (DYSO 27/2020-21)**

1. HTTP કુકીઝ વેબ ડેવલપરોને વધુ વ્યક્તિગત અને સુગમ વેબસાઈટ મુલાકાત આપવામાં મદદ કરે છે.
2. કુકીઝ અંગત માહિતીનો દટાયેલો ખજાનો પણ હોઈ શકે પરંતુ તે ગુનેગારોને તેની જાસૂસી કરવા દેતું નથી.
3. તમે જ્યારે નવી વેબસાઈટની મુલાકાત લો ત્યારે તમને ઓળખી શકાય તે માટે કુકીઝ બનાવવામાં આવે છે.

(A) 1, 2 અને 3 (B) ફકત 1 અને 3

(C) ફકત 2 અને 3 (D) ફકત 1 અને 2

**002) 1 MB _________ બરાબર છે. (DYSO 27/2020-21)**

(A) $2^{30}$ બીટ્સ (B) $2^{30}$ બાઈટ્સ

(C) $2^{20}$ બીટ્સ (D) $2^{20}$ બાઈટ્સ

**003) હાયપરટેક્સ્ટ ટ્રાન્સફર પ્રોટોકોલ (HTTP) બાબતે નીચેના વિધાનો ધ્યાને લો. (GAS 30/2021-22)**

વિધાન 1 : તે હાઈપરમીડીયા દસ્તાવેજોનું પ્રસારણ કરવા માટેનું એપ્લીકેશન-લેયર પ્રોટોકોલ છે.

વિધાન 2 : તેની રચના વેબ બ્રાઉઝર્સ અને વેબ સર્વરો વચ્ચેના સંદેશાવ્યવહાર માટે કરવામાં આવી હતી.

(A) વિધાન 1 અને 2 બંને સાચાં છે અને વિધાન 2 એ વિધાન 1 માટેની સાચી સમજૂતી છે.

(B) વિધાન 1 અને 2 બંને સાચાં છે પરંતુ વિધાન 2 એ વિધાન 1 માટેની સાચી સમજૂતી નથી.

(C) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું છે અને વિધાન 2 સાચું છે.

**004) શહેરી વિસ્તારમાં ઘરો સેટેલાઈટ ટી.વી. ડિશ ધરાવે છે. DTH સિગ્નલની સૌથી સામાન્ય ફ્રિક્વન્સી બેન્ડ શું છે ? (GAS 40/2018-19)**

(A) K (B) Ka

(C) Kn (D) Ku

**005) WWW(World Wide Web) ને લોકપ્રિય બનાવનાર પ્રથમ ગ્રાફીકસ બ્રાઉઝર કયું હતું? (DYSO 27/2016-17)**

(A) ફાયરફોક્સ

(B) બેઝીક

(C) એમએસ-ડોટ

(D)મોઝેઈક

**006) નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે? (DYSO 20/2019-20)**

(A) વર્ચ્યુઅલ મેમરી એ હાર્ડ ડ્રાઈવમાં રહેલી સ્પેસ છે કે જ્યાં ઓપરેટીંગ સીસ્ટમ જ્યારે તેની મેમરી ભરાઈ જાય ત્યારે ત્યાં ડેટા સ્ટોર કરે છે.

(B) RAM માંથી ડેટા મેળવવો એ વર્ચુઅલ મેમરીમાંથી ડેટા મેળવવા કરતાં ધીમો છે.

(C) જો કોમ્પ્યુટર મેમરી બાઉન્ડ (Bound) હોય તો તેમાં વધુ RAM ઉમેરવાથી સમસ્યાનું નિરાકરણ થતું નથી.

(D) ઉપરોક્ત તમામ

**007) કમપ્યુટરની પરિભાષામાં જી આઈ એફ ફાઈલ શુ છે? (PI 38/2017-18)**

(A) ગ્રાફિક ઈન્ટરચેન્જ ફોરમેટ

(B) ગ્રાફિક ઈન્ટરફેસ ફાઈલ

(C) ગ્રાફિક ઈન્ટ્રાનેટ ફોરમેટ

(D) ગ્રાફિક ઈન્ટરનેટ ફાઈલ

**008) નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ સાચી રીતે જોડાયેલી છે? (GAS 26/2020-21)**

1. 1024 ગીગાબાઈટ - 1 ટેરાબાઈટ
2. 1024 પેટાબાઈટ - 1 એક્ઝાબાઈટ
3. 1024 એક્ઝાબાઈટ - 1 ઝેટાબાઈટ
4. 1024 ઝેટાબાઈટ - 1 જીઓબાઈટ

(A) 1, 2, 3 અને 4

(B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1, 2 અને 4

(D) માત્ર 1

1-**B** / 2-**D** / 3-**A** / 4-**D** / 5-**D** / 6-**A** / 7-**A** / 8-**B**

**025) મુન્તરા (Muntra) વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે? (GAS 26/2020-21)**

1. તે DRDO દ્વારા વિકસાવવામાં આવેલી ભારતની સૌ પ્રથમ માનવરહિત ટેંક છે.
2. આ મોડેલ ત્રણ પ્રકારના નમૂના ધરાવે છે- દેખરેખ નિયંત્રણ (Surveillance), સુરંગ શોધ (Mine detection) અને જાસૂસી પૂર્વેક્ષણ (Reconnaissance)
3. આ ટેન્ક DRDO દ્વારા તેની પૂના સ્થિત ફેક્ટરીમાં વિકસાવવામાં આવી છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

## ભારતીય જળસેના માટે જરૂરી શસ્ત્રો, જહાજો અને સબમરીનો

**026) ભારતીય નૌ સેના દ્વારા તાજેતરની બાબતો માટે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે? .(DYSO 20/2019-20)**

i. ભારતની દ્વિતીય સ્કોર્પિન - ક્લાસ (Scopene - class) એટેક સબમરીન આઈ.એન.એસ. - ખંડેરી (INS Khanderi) શરૂ કરવામાં આવી.

ii. તાજેતરમાં પ્રોજેક્ટ - 17 આલ્ફા હેઠળ શિવાલિક - ક્લાસ - ફ્રીગેટ આઈ.એન.એસ. - નીલગીરી શરૂ કરવામાં આવી.

iii. આઈ.એન.એસ. - ખંડેરી (INS Khanderi) ના નામ અને લક્ષણો 'કાનેરી (Kanneri)' નામની માછલીના નામથી પ્રેરીત છે.

iv. પ્રોજેક્ટ 25 અંતર્ગત આઈ.એન.એસ.કલવરી (INS Kalvari) પ્રથમ સબમરીન હતી.

(A) i, ii, iii અને iv (B) ફક્ત ii, iii અને iv

(C) ફક્ત iii અને iv (D) ફક્ત i, ii અને iii

**027) ભારતની પ્રથમ પરમાણુ સંચાલિત પનડુબ્બી- અરિહંત_______ (PI 38/2017-18)**

(A) રશીયા સાથે સંયુકતપણે બનાવવામાં આવી છે

(B) સ્વદેશી બનાવટની છે

(C) ઇઝરાયેલ પાસે થી ભાડે લીધી છે

(D) યુ, એસ.એ. ના સહયોગથી બનાવવામાં આવી છે

**028) ભારતીય નૌકાદળ દ્વારા 20 નવેમ્બર, 1956 ના રોજ લોન્ચ કરવામાં આવેલ પ્રથમ યુધ્ધ જહાજ ........... હતું. (GAS 10/2019-20)**

(A) આઈ.એન.એસ, ખુકરી

(B) આઈ.એન.એસ. શક્તિ

(C) આઈ.એન.એસ. અજય

(D) આઈ.એન.એસ. વિનાશ

**029) નીચેની જોડીઓ પૈકી કઈ જોડી ખોટી રીતે જોડાયેલી છે ? (GAS 40/2018-19)**

(A) INS ચક્ર - પરમાણુશક્તિ સંચાલિત

(B) સિંધુઘોષ ક્લાસ - ડીઝલ ઇલેક્ટ્રિક સબમરીન

(C) INS કાલવરી - સ્કોરપીન ક્લાસ

(D) ઉપર પૈકી કોઈ પણ નહીં

**030) નીચેનામાંથી કઈ ડી.આર.ડી.ઓ. દ્વારા વિકસાવવામાં આવેલ આધુનિક ટોર્પીડો બચાવ પ્રણાલિ એડવાન્સ્ડ ટાર્પીડો ડિફેન્સ સિસ્ટમ (Alviniced Torpedo Defence System) (ATDs) છે ? (GAS 10/2019-20)**

(A) આકાશદીપ (B) મારીચ

(C) રૂસ્તમ (D) નિષાદ

## New Update

**031) તાજેતરમાં ભારત સરકાર દ્વારા ઈઝરાઈલ પાસેથી "Spike" મીસાઈલ સંપાદિત કરવામાં આવી છે. તે શેને સંબંધિત છે ? (GAS 20 / 2022-23) (ભારતીય મિસાઈલ....)**

(A) એન્ટી-ટેન્ક મિસાઈલ

(B) ટોર્પેડો

(C) ન્યુક્લીયર પેલોડ કેપેબલ મિસાઈલ

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

25-**C** / 26-**D** / 27-**B** / 28-**A** / 29-**D** / 30-**B** / 31-**A**

# 07 ઉર્જા ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજી

## ઉર્જાની જરૂરિયાત અને કાર્યક્ષમતા

**001) ઊર્જા મંત્રાલય પ્રમાણે કોઇ ગામનું વીજળીકરણ થયેલું છે એમ ત્યારે કહી શકાય જયારે ગામના કુલ રહેઠાણોના ----- % રહેઠાણોનું વીજળીકરણ થયેલું હોય. (GAS 121/2016-17)**

(A) 30% (B) 25%
(C) 20% (D) 10%

**002) વીજઉત્પાદન અને વિતરણ સંદર્ભે વ્હીલીંગ ચાર્જિસ એટલે_______ (GAS 40/2018-19)**

(A) ઘરોમાં સોલર પેનલો લગાવવા માટે સ્થાયી ખર્ચ
(B) ટ્રાન્સમિશન લાઇન અથવા વીજ સંકલન ગ્રીડ દ્વારા એક સ્થળેથી બીજા સ્થળ સુધી વીજળી પહોંચાડવાની કિંમત
(C) વીજળી વપરાશની મંજૂર માત્રા કરતા વધુ વપરાશ માટેનો દંડ
(D) વીજળીના બિલની ચૂકવણી નિષ્ફળ જવા માટેનો દંડ

**003) નીચેના પૈકી કઇ ભારતીય કોલસાની સમસ્યા છે? (DYSO 55/2018-19)**

(A) નીચું કેલરી મૂલ્ય
(B) રાખનું ઊંચું પ્રમાણ
(C) સલ્ફરનું ઊંચું પ્રમાણ
(D) ઉપરના તમામ

## ભારતની પ્રવર્તમાન ઉર્જા જરૂરિયાત અને ઘટ તથા તે સંબંધિત ભારતના ઉર્જા કાર્યક્રમો

**004) પ્રધાનમંત્રી ઉજજવલા યોજના (PMUY)નીચેના પૈકી કયા કાર્યને યોગદાન આપવા માટે છે? (GAS 121/2016-17)**

(A) ગ્રામીણ વિસ્તારમાં ગરીબ સ્ત્રીઓને LPG જોડાણ પૂરા પાડવા
(B) ગ્રામીણ રહેઠાણનું વીજળીકરણ
(C) LED બલ્બનું વિતરણ
(D) ઉપરના તમામ

**005) નીતિ આયોગ અનુસાર,ભારતમાં રહેણાંક અને વાણિજય ક્ષેત્રો દ્વારા કુલ વીજળીના કેટલા ટકા વીજળીનો ઉપભોગ કરવામાં આવે છે? (GAS 121/2016-17)**

(A) 29% (B) 26%
(C) 24% (D) 22%

**006) GARV, UDAY અને TARANG ભારત સરકારના કયા મંત્રાલયની પહેલ છે? (GAS 121/2016-17)**

(A) સુરક્ષા મંત્રાલય
(B) સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય
(C) ઉર્જા મંત્રાલય
(D) કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય

**007) નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (Ministry of New and Renewable Energy) ની સૌર સ્ટડી લેમ્પ યોજનાનું (The Solar Study Lamp Scheme) અમલીકરણ ______ દ્વારા થાય છે. (GAS 30/2021-22)**

(A) એનર્જી એફિશિયન્સી સર્વીસીઝ લિમિટેડ
(B) ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, મુંબઈ
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) બંને પૈકી એકપણ નહીં

**008) પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાનો હેતુ _____ છે. (GAS 26/2020-21)**

(A) કૃષિ ક્ષેત્રને ડિઝલ મુક્ત (De-dieselise) કરવું.
(B) ઉચ્ચ ઉપજ આપતા બિયારણ પૂરા પાડવા
(C) ખાતર પૂરા પાડવા
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

**009) ‘‘ઉજ્જવલા પ્લસ’’નો ઉદેશ કર્યો છે ? (GAS 10/2019-20)**

(A) બી.પી.એલ. પરિવારોને 2020 સુધીમાં રસીકરણ હેઠળ આવરી લેવા.
(B) ગરીબ પરીવારોના લાભાર્થે લોકને રાંધણ ગેસના કનેક્શન દાન કરવા માટે છૂટ આપવી.
(C) 100% ગ્રામ્ય વિજળીકરણ સિધ્ધ કરવું.
(D) સાર્વત્રિક રહેણાંક વિજળીકરણ સિધ્ધ કરવું.

1-**D** / 2-**B** / 3-**D** / 4-**A** / 5-**A** / 6-**C** / 7-**C** / 8-**D** / 9-**B**

043) બરફનો વિશાળ જથ્થો કે ખીણની નીચેની તરફ અને પર્વતોના ઢોળાવો તરફ બરફ રેખા (Snow line) પસાર કર્યા બાદ પીગળે નહીં ત્યાં સુધી ધીમેથી ગતિ કરે છે તેને ______ કહેવાય છે. (GAS 26/2020-21)

(A) હિમશિલા (B) હિમનદી

(C) હિમપ્રપાત (D) પ્રચંડ ઝંઝાવાત

044) વદરાડ (સાબરકાંઠા) અને કુકમા (કચ્છ) એ અનુક્રમે ______ અને ______ માટેના સેન્ટર ઓફ એક્સેલન્સ છે. (GAS 10/2019-20)

(A) શાકભાજી અને ખારેક

(B) ફૂલોની ખેતી અને કેળાં

(C) દાડમ અને કેરી

(D) ઉપરના પૈકી કોઈ નહીં

## સમુદ્ર-વિજ્ઞાન તે ક્ષેત્રની મહત્વપૂર્ણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ

045) ભારતી, ભારતનું સંશોધન કેન્દ્ર, બાબતે નીચેના પેકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે? (GAS 30/2021-22)

1. મૈત્રીની આશરે 3000 કિલોમીટર પૂર્વે, નવું ભારતીય સંશોધન બેઝ “ભારતી' આવેલું છે.
2. આ દરિયાની સપાટીથી આશરે 3500 મીટર ઉપર આવેલું છે.
3. આ સ્ટેશન ભારતીય આર્કટિક કાર્યક્રમ (Indian Arctic Programme) દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવતી સંશોધન પ્રવૃત્તિની સુગમતા કરી આપવા માટે કાર્યરત કરવામાં આવ્યું છે.

(A) 1, 2 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 1

046) આંતરરાષ્ટ્રીય સુનામી માહિતી કેન્દ્ર હોનોલુલુ ખાતે આવેલું છે, હોનોલુલુ શહેર ____મા આવેલું છે. (DYSO 27/2020-21)

(A) એટલાન્ટિક મહાસાગર

(B) દક્ષિણ સમુદ્ર

(C) હિંદ મહાસાગર

(D) ઉપરોકત પૈકી કોઈ નહીં

## બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) તથા તે ક્ષેત્રે ભારત સરકારની રાષ્ટ્રીય નીતિ

047) ભારતમાં “પેટન્ટ” (Patent) ની અવધિ કેટલી છે? (STI 80/2018-19)

(A) 20 વર્ષ (B) 18 વર્ષ

(C) 15 વર્ષ (D) 10 વર્ષ

048) ભૌગોલિક ઉપદર્શન (GI) સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે? (GAS 40/2018-19)

1. ભૌગોલિક ઉપદર્શન ચોક્કસ ભૌગોલિક પ્રદેશના પ્રાથમિક કૃષિ, પ્રાકૃતિક અથવા ઉત્પાદિત ચીજવસ્તુ છે.
2. હાલમાં ગુજરાતમાં કચ્છી ખારેક, ગીર કેસર કેરી અને ભાલિયા ઘઉ – આ ત્રણ જ કૃષિ ઉત્પાદનો ભૌગોલિક ઉપદર્શન (geographical indication) માં સમાવિષ્ટ છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) બંને 1 અને 2 (D) ઉપરના પૈકી કોઈ નહીં

## New Update

049) કિરણોત્સર્ગ ક્ષેત્રના જોખમોમાં કોનો સમાવેશ થાય છે ? (ACF 12/2022-23) (સામાન્ય વિજ્ઞાન)

(A) ઇલેક્ટ્રોનીક પરિપથમાં વિકૃતિ

(B) અવકાશયાનના સૌરકોષો (solar cell) ને નુકસાન

(C) સજીવ સૃષ્ટિ પર પ્રતિકૂળ અસર

(D) ઉપરોક્ત તમામ

050) Nallathamby Kalaiselvi (નાલાથેમ્બી કલૈસેલ્વી) કોણ / શું છે? (DySo10/2022-23) (અન્ય)

(A) એક તમિળ ફિલ્મ છે કે જેણે 2022માં Best Film for National Integrationનો એવોર્ડ જીત્યો.

(B) કેરળના એક રમતવીર છે કે જેણે 2022માં ભારતને સર્વપ્રથમ સુવર્ણચંદ્રક અપાવ્યો.

(C) CSIR (Council of Scientific and Industrial Research)ના પ્રથમ મહિલા મહાનિદેશક.

(D) ISRO (Indian Space Research Organisation)ના પ્રથમ મહિલા મહાનિર્દેશક.

43-**B** / 44-**A** / 45-**D** / 46-**D** / 47-**A** / 48-**A**/ 49-**D** / 50-**C**

# ભાગ – 8

## પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્ત્વની સાંપ્રત ઘટનાઓ

- DYSO 27/2020-21
- GAS 121/2016-17
- GAS 30/2021-22
- PI 110/2019-20
- STI 139/2020-21
- STI 80/2018-19
- STI 109/2019-20
- DYSO 27/2016-17
- DYSO 20/2019-20
- PI 38/2017-18
- PI 112/2018-19
- GAS 26/2020-21
- GAS 10/2019-20
- DYSO 55/2018-19
- GAS 10/2019-20
- Account Officer, class-1 25/2020-21
- Chief officer 75/2018-19
- RFO 24/202021
- Account Officer, 04/2020-21
- યોજનાઓ
- DySO 10/2022-23
- ACF Class-2 12/2022-23
- GAS 20/2022-23

# 01 પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્ત્વની સાંપ્રત ઘટનાઓ

## DYSO 27/2020-21

**001) ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના મૈત્રી સેતુ પુલ બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન /વિધાનો સાચું/સાચાં છે? (DYSO 27/2020-21)**

1. આ પુલ દક્ષિણ આસામમાં સબરૂમ ખાતે ફેની નદી ઉપર બાંધવામાં આવ્યો છે.
2. મૈત્રી સેતુ પુલ 1.9 કિ.મી લાંબો છે જે ભારતને બાંગલાદેશમાં રામગઢ સાથે જોડે છે.
3. ભારતના સીમા સડક સંગઠને આ પ્રોજેક્ટનું નિર્માણ કર્યું છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 2 (D) ફક્ત 1 અને 2

**002) તાજેતરમાં યુરોપીય દેશ ફ્રાન્સે તેની લશ્કરી કવાયત Aster X હાથ ધરી, આ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે? (DYSO 27/2020-21)**

1. તે અવકાશમાં પાંચ દિવસ લાંબી કવાયત છે.
2. આ કવાયતમાં યુ.એસ.અને જર્મન અવકાશી સંસ્થાઓએ પણ ભાગ લીધો.
3. ફ્રાન્સ દ્વારા આ બીજી અવકાશી લશ્કરી કવાયત છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

**003) નાણાકીય વર્ષ 2021-2022 માટે ભારતના કુલ ઘરગથ્થું ઉત્પાદન(GDP) બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન / વિધાનો સાચું/સાચાં છે? (DYSO 27/2020-21)**

(A) નાણાકીય વર્ષ 2021-2022 માટે આર્થિક સહકાર અને વિકાસ માટેના સંગઠને ભારતનો GDP 12.6% સુધી વધાર્યો છે.
(B) નાણાકીય વર્ષ 2021-2022 માટે ક્રેડીટ રેટીંગ ઈન્ફોરમેશન સર્વીસ ઓફ ઈન્ડિયા લીમીટેડ(CRISIL) ભારતનો GDP12%એ અનુમાનિત કર્યો છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

**004) ભારતીય સેનાના તાજેતરમાં માનવરહિત હવાઈ વાહનો(UAVs) સંબંધીત લીઝ-સમજૂતી(lease agreement)બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે? (DYSO 27/2020-21)**

1. ભારતે ઇઝરાયલમાંથી 4 હિરોન UAVs લીઝ કરવા માટેની સમજૂતી કરી છે.
2. આ UAVs ભારત-પાકિસ્તાન સીમા ઉપર કામે લગાડવામાં આવશે.
3. આ લીઝ-સમજૂતી 5 વર્ષના સમયગાળા પૂરતી જ માન્ય રહેશે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2

**005) COVAX રસી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે? (DYSO 27/2020-21)**

1. સંયુક્ત રાષ્ટ્રો રસી પહેલ હેઠળ ઘાના રસી મેળવનાર પ્રથમ દેશ બન્યું છે.
2. ઘાના ભારતની સીરમ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા બનાવાયેલી એસ્ટ્રાજેનીકા(AstraZencca)રસીના 6 લાખ ડોઝ મેળવશે.
3. 90થી વધારે ઓછી અને મધ્યમ આવક દેશોએ સંયુક્ત રાષ્ટ્રો સમર્થિત COVAX કાર્યક્રમ માટે સહી કરી છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

**006) સ્વદેશી રીતે વિકસાવેલા એડવાન્સડ લાઈટ ટોરપેડો(Advanced Light Torpedo)બાબતે નીચેના પૈકી કયું/ક્યાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે? (DYSO 27/2020-21)**

1. આ એડવાન્સડ લાઈટ ટોરપેડો શ્યેન(shyena)ભારતીય નૌકાદળમાં 2012માં જ દાખલ કરવામાં આવ્યું.
2. તાજેતરમાં પ્રથમ ઉડ્ડયન પરીક્ષણો સફળતાપૂર્વક પેટ્રોલ હવાઈજહાજ ઇલ્યુકશીન(Ilyushin)IL-38માં થી કરવામાં આવ્યા.
3. આ એડવાન્સડ લાઈટ ટેરપેડો શ્યેન 190 કિ.મી. અવધિની ક્ષમતા ધરાવે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 2

1-C / 2-A / 3-D / 4-B / 5-A / 6-B

**498) The International North South Corridor (INSTC) એ ............. દ્વારા કરવામાં આવેલ મહત્વની પહેલ છે. (Account Officer, 04/2021-22)**

(A) ભારત, ચીન અને રશિયા - પરિવહન સહયોગને વધારવા અને મધ્ય એશિયાના દેશો સાથે સંપર્ક વધારવા માટે

(B) ભારત, રશિયા અને ઈરાન - પરિવહન સહયોગને વધારવા અને મધ્ય એશિયાના દેશો સાથે સંપર્ક વધારવા માટે

(C) ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન - પરિવહન સહયોગને વધારવા અને મધ્ય એશિયાના દેશો સાથે સંપર્ક વધારવા માટે

(D) ચીન, પાકિસ્તાન અને ઈરાન - પરિવહન સહયોગને વધારવા અને મધ્ય એશિયાના દેશો સાથે સંપર્ક વધારવા માટે

## RFO 24/2020-21

**499) ત્રાસ વિરુધ્ધ સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (U.N. (United nations) Convention against Torture (CAT) અંગે નીચેનામાંથી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે ? (RFO 24/2020-21)**

(A) તે એક આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સાધન છે જેનો હેતુ વિશ્વભરના માનવીય અધોગતિના વ્યવહારને અટકાવવાનો છે.

(B) ભારતે તાજેતરમાં આ સંમેલનને બહાલી આપી છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

**500) નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા બીજા આરોગ્ય સૂચકાંક(2017-18) અનુસાર નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે? (RFO 24/2020-21)**

1. એકંદરે આરોગ્ય કામગીરીના મામલે ઉત્તરપ્રદેશનો ક્રમ સૌથી નીચો છે.
2. કેરાલાએ સતત બીજી વખત એકંદરે આરોગ્ય સૂચકાંકમાં પ્રથમ ક્રમનું સ્થાન મેળવ્યું છે.
3. સૂચકાંકમાં ગુજરાત ચોથા ક્રમે રહ્યું છે.
4. પંજાબ અને હિમાચલ પ્રદેશ સાતમા અને આઠમા સ્થાને છે.

(A) માત્ર 1 અને 4 (B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3

**501) બાંગલાદેશ અને ભારત નીચેના પૈકી કયા જૂથમાં કોમન મેમ્બર્સ છે? (RFO 24/2020-21)**

1. સાર્ક(SAARC) 2. બીમસ્ટેક(BIMSTEC)
3. આઈઓઆરએ(IROA) 4. કોમનવેલ્થ

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 4
(C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 2, 3 અને 4

**502) બાંડુંગ કોન્ફરન્સ (Bandung Conference), 1955માં સંમત થયેલા સિધ્ધાંતો એ નીચે પૈકી કોને જન્મ આપ્યો? (RFO 24/2020-21))**

(A) NAM (B) ASEAN
(C) SAARC (D) BRICS

**503) કેટલા એશિયન દેશો જી-20 ના સભ્યો છે? (RFO 24/2020-21)**

(A) 5 (B) 6
(C) 7 (D) 8

**504) સંયુકત રાષ્ટ્રો ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા ભારતમાં નીચેના પૈકી કયા વિશ્વસ્તરીય મહત્ત્વપૂર્ણ કૃષિ ધરોહર સ્થળો તરીકે નિયુકત કરવામાં આવ્યા છે ? (RFO 24/2020-21)**

1. કોરાપુટ પરંપરાગત કૃષિતંત્ર
2. વાનિયાન પરંપરાગત ચોખા કલ્ચર
3. કુટ્ટનાડ સમુદ્ર સપાટી નીચે કૃષિતંત્ર
4. દમયાંગ વાંસ ક્ષેત્ર કૃષિતંત્ર

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 4

**505) ટકાઉ વિકાસ ધ્યેયો (SDGs) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચાં છે ? (RFO 24/2020-21)**

1. ટકાઉ વિકાસ ધ્યેયો 2000 થી 2015 ના સમયગાળા માટે નિર્ધારીત કરવામાં આવ્યાં છે.
2. SDGs 21 પરસ્પર જોડાયેલાં વૈશ્વિક ધ્યેયોનો સંગ્રહ છે
3. જાતીય સમાનતા પણ SDGs પૈકીનો એક છે.
4. SDGs સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા દ્વારા નિયત કરવામાં આવ્યાં હતાં.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 3 અને 4 (D) ફક્ત 4

**506) શ્રીલંકાને ભારત અને ______ દ્વારા નામાંકન થયેલાં પક્ષકારો સાથે કોલંબો સાઉથ પોર્ટના વેસ્ટ કંટેનર ટર્મિનલને વિકસાવવાની મંજૂરી આપી. (RFO 24/2020-21)**

(A) રશિયા (B) જાપાન
(C) સિંગાપુર (D) જર્મની

**507) નીચેના પૈકી કયા દેશે તાજેતરમાં ભારત પાસેથી સંરક્ષણ સાધનો અને સામગ્રી મેળવવા માટેની સમજૂતી ઉપર હસ્તાક્ષર કર્યા ? (RFO 24/2020-21)**

(A) મલેશિયા (B) ઈન્ડોનેશિયા
(C) ફિલિપીન્સ (D) તાઈવાન

498-**B** / 499-**A** / 500-**D** / 501-**A** / 502-**A** / 503-**C** / 504-**C** / 505-**C** / 506-**B** / 507-**C**

**595) ગુજરાત સરકારની શહેરી યોજના - મિશન મંગલમ્ નું નીચેના પૈકી કયું મુખ્ય ઉદ્દેશ્ય છે? (Chief Officer 75/2018-19)**

(A) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના કર્મચારીગણમાં ક્ષમતા નિર્માણ

(B) શહેરી ગરીબી, મહિલાઓ અને બાળકોનું સશક્તિકરણ

(C) મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મલ્ટીલેન માર્ગો

(D) અમદાવાદ અને સુરતમાં રીવરફ્રંટ વિકાસ કાર્યક્રમ

**596) કેન્દ્ર સરકારે "સ્વદેશ દર્શન સ્કીમ" હેઠળ 13 "થોમેટીક સરકીટ" નિશ્ચિત કરી છે. નીચેના પૈકી કૈ સરકીટો આ સ્કીમનો ભાગ છે? (Chief Officer 75/2018-19)**

1. હિમાલીયન સરકીટ
2. આદિવાસી સરકીટ
3. ગ્રામિણ સરકીટ
4. શહેરી સરકીટ

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

**597) ભારત સરકારે SVAMITVA યોજનાના નિયંત્રણ માટે SVAMITVA app શરૂ કરી છે, આ યોજનાનું લક્ષ્ય ....... છે. (04/2021-22)**

(A) ગ્રામીણ વિકાસ

(B) શહેરી સંયોગીકરણ (Urban Amalgamation)

(C) વન્ય પેદાશનું માર્કેટીંગ

(D) MSME માર્કેટીંગ

**598) શિક્ષણ મંત્રાલય સમગ્ર શિક્ષા યોજના હેઠળ ભંડોળ નિવાસી શાળાઓ અને છાત્રાલયોનું પુનઃ નામકરણ કરીને _____ નિવાસી શાળાઓ અને છાત્રાલયો કરવાં સજજ છે. (RFO 24/2020-21)**

(A) નેતાજી સુભાષચંદ્ર બોઝ (B) અટલ બિહારી વાજપાઈ

(C) સુષ્મા સ્વરાજ (D) પંડીત દીનદયાલ ઉપાધ્યાપ

**599) તાજેતરમાં EPF સ્કીમ હેઠળ નીચેના પૈકી કયા વર્ગનો સમાવેશ કરવા માટેની ભલામણ કર્મચારી ભવિષ્યનિધિ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી ? (GAS 121/2016-17)**

1. આંગણવાડી કાર્યકરો
2. ASHA કાર્યકરો
3. મધ્યાહન ભોજન કાર્યકરો
4. પોસ્ટલ વિભાગના કાર્યક્રમો

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3, અને 4

**600) દીનદયાલ અંત્યોદય યોજના - નેશનલ રૂરલ લાઈવલીહુડ મીશન (રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન) બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ? (GAS 10/2019-20)**

1. તે 2011 માં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન NRLM) તરીકે શરૂ કરવામાં આવેલ ગરીબી નિવારણ યોજના છે અને 2016 માં દીનદયાલ અંત્યોદય યોજના તેની અનુગામી યોજના બની.
2. આ કાર્યક્રમનો હેતુ ગ્રામીણ ગરીબ સ્ત્રીઓને સ્વયં મદદ કરતા સમૂહો (SelfIHelp Groups) (SHGs) માં તંત્રબધ્ધ કરવાનો અને તેમને આર્થિક પ્રવૃત્તિઓ માટે સતત મદદ કરવાનો છે. 3. આ મિશનને વર્લ્ડ બેંક દ્વારા પ્રોત્સાહન (ટેકો) અપાય છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

## New Update

**601) કેન્દ્ર સરકારે તાજેતરમાં વિશ્વ બેંક સહાયકૃત 300 મીલીયન ડોલર (આશરે રૂ. 2100 કરોડ)ના શાળા શિક્ષણ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ ક્યાં આવશે ? (DySo 10/2022-23)**

(A) ગુજરાત (B) દિલ્હી

(C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ

**602) તાજેતરમાં G-20 માટે ભારતના શેરપા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે? (DySo 10/2022-23)**

(A) Errol D'Souza (એરોલ ડીસોઝા), નિર્દેશક, IIM, અમદાવાદ

(B) સુબ્રમણ્યમ જયશંકર, વિદેશમંત્રી

(C) નિર્મલા સીતારામન, નાણામંત્રી

(D) અમિતાભ કાંત, ભૂતપૂર્વ CEO, NITI આયોગ

**603) વિજ્ઞાનીઓ હવે ખાદ્ય કેટેગરી હેઠળ 'કાઈ ચટણી (Kai Chutney)'ની ભૌગોલિક સંકેતોની રજીસ્ટ્રી (Geographical Indicators) (GI) માટે પ્રેઝન્ટેશન બનાવવા માટે તેમના સંશોધનને ફાઈન-ટ્યુનીંગ કરી રહ્યા છે. 'કાઈ ચટણી (Kai Chutney)' એ કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? (DySo 10/2022-23)**

(A) મહારાષ્ટ્રનું હિંગોલી (Hingoli)

(B) તમિળનાડુનું ચેંગલપટ્ટુ (Chengalpattu)

(C) કર્ણાટકનું ગુલબર્ગ

(D) ઓરિસ્સાનું મયુરભંજ

595-**B** / 596-**C** / 597-**A** / 598-**A** / 599-**C** / 600-**D** / 601 - **C** / 602 - **D** / 603 - **D**

WebSankul®

# એપ્લિકેશનની વિશેષતાઓ

- દિવસના પ્લાનિંગ પ્રમાણે **પ્લાનર કોર્સ**
- ઘરે બેઠા ઓફલાઈન ક્લાસ જેવો માહોલ મેળવવા **ક્લાસરૂમ કોર્સ**
- સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા **સ્માર્ટકોર્સ**
- ઈન્ટરનેટ વગર તૈયારી કરવા માટે **પેન્ડ્રાઈવ કોર્સ**
- કોઈ પણ એક વિષયની તૈયારી કરવા માટે **Subject Wise કોર્સ**
- GPSC થી લઈને કોન્સ્ટેબલ સુધીની તૈયારી એક જ એપ્લિકેશનમાં
- એક જ વિષયના એકથી વધુ નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગૌણ સેવા પસંદગી મંડળની નવી પરીક્ષા પદ્ધતિ મુજબ તૈયાર કરાયેલ કોર્સ
- **40+** વિષય, **4500+** વિડીયો લેક્ચર્સ અને **2500+** કલાક
- ટોપિક પ્રમાણે ટેસ્ટ
- User Friendly App




**77779 91357 | 77779 91352**
**77779 91367 | 63582 89897**




**₹600/-**

# પુસ્તકની વિશેષતાઓ

વર્ષ 2016થી અત્યાર સુધીમાં GPSC દ્વારા લેવાયેલ સિવિલ સેવાની પ્રાથમિક પરીક્ષાઓના **6500+** પ્રશ્નો

અભ્યાસક્રમ મુજબ 100+ ટોપીકમાં વર્ગીકરણ

2016થી લેવાયેલી મહત્ત્વની પરીક્ષાઓના કટઓફનું એનાલિસિસ

---

અન્ય ટેક્નિકલ પરીક્ષાઓના **7000+ પ્રશ્નો વિષયવાર QR Code** સ્વરૂપે ઉપલબ્ધ

Scan me



**શહીદ વીર રાઠોડ જનકસિંહ રજુસિંહ**
(આર્મી)
જિલ્લો :
**મહેસાણા**
શહાદત તારીખ :
12-04-2018

ભારતની સેવા કરતાં આપણા વીર જવાનોના જીવન ખૂબજ અમૂલ્ય છે અને તેને નાણાકીય સહાયથી ભરપાઇ કરવું અશક્ય છે. તેમ છતાં તેમના પરિવારજનો પ્રત્યે લાગણી વ્યક્ત કરતાં આર્થિક સહાય કરવા માટે QR Code સ્કેન કરો

PRAYAS Welfare Foundation
A Step Towards Better Humanity

પ્રયાસ ફાઉન્ડેશન સંપર્ક : **94264 82468 / 79842 40921**